

સત્સંગની ઉપલબ્ધિ

આધ્યાત્મિકતામાં પરમ તત્ત્વની પ્રાપ્તિના માર્ગમાં સત્સંગ મહત્ત્વનું પાસું છે. સત્સંગનો રંગ અંગ અંગમાં વ્યાપે છે અને દિવ્ય તરંગો બની સમસ્ત અસ્તિત્વમાં ઉછળે છે. અનોખી અને દિવ્ય ઊર્જાનો અનુભવ થાય છે. તો પ્રશ્ન એ થાય કે સત્સંગ એટલે શું? એની શી આવશ્યકતા છે? સત્સંગ કેવી રીતે કરવો?

સત્સંગનો રંગ અનંત અને અતૂટ છે. એ રંગ એક વાર લાગે પછી એ કદી ઊતરે નહીં. ફિક્કો નહીં પડે. સત્સંગ એટલે જે સારું અને સાચું છે તેનો સંગ કરવો એટલું જ નહીં, જે સારું અને સાચું છે તેને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. એને જીવનમાં ઊતારવું, સમજવું અને સંસારમાં વ્યવહારમાં તેને અપનાવવું.

સત્સંગ અનેક રીતે થઈ શકે છે. વાચન દ્વારા પણ સત્સંગ થઈ શકે છે. કોઈ સંત -મહાપુરુષોનાં જીવનચરિત્રોનું વાચન કરવું, કોઈ વિદ્વાનોનાં પુસ્તકો વાંચવાં, રામાયણ, મહાભારત, ગીતા, ભાગવત વગેરેનું વાચન કરીશું તો બીજા કશામાં કોઈ રસ પડશે નહીં. માનવીનું ચિત્ત પરમ તત્ત્વની વાતોમાં જ લીન રહે છે. એકાગ્ર થાય છે. આ એકાગ્રતા પરમ તત્ત્વની ઉપાસનામાં જ નહીં, આપણાં તમામ કાર્યોમાં ઉપકારક બનશે. જીવનમાં ભક્તિનો અભિગમ, રસ-રુચિ કેળવાશે. સંસાર જે શાશ્વત છે તેમાં જ રમમાણ રહેશે. એટલે સત્સંગ એક શાશ્વત વૃત્તિ, પ્રવૃત્તિ, ગતિ અને મતિ છે.

કથાકારોની કથાઓ સાંભળવી એ પણ સત્સંગ જ છે. એ કથાઓના પ્રસંગોની છણાવટ, એનું અર્થઘટન આપણા ચિત્તમાં એક નવો જ ઉઘાડ કરી આપે છે. આપણે જેમ જ્યારે બારીની બહાર જોઈએ છીએ,અગાસીમાં જઈએ છીએ અને આપણી દૃષ્ટિ સૌ પ્રથમ તો આકાશ તરફ જ જાય છે. એ આકાશને જોઈને આપણને અનોખો આનંદ થાય છે. વિશાળ અવકાશ આપણાં આંતર અવકાશને અડે છે અને જે અનુભૂતિ થાય છે તે અનોખી અને અદકેરી હોય છે. આપણી અંદર પણ એક આકાશ ઊગતું હોય, ઊગ્યું હોય એવો અનુભવ થાય છે. એ જ રીતે સત્સંગ કરવાથી, સાંભળવાથી આપણી અંદર એક સતનો ઉદય થાય છે. કારણ સત્સંગ એ પરમ તત્ત્વની વાતોનો સંગ છે. રંગ છે. ઉમંગ છે, જે અનંત અને અતૂટ છે.

જીવનમાં વિષમતા સર્જાય,હતાશા આવે, કોઈ જ ઉપાય નહીં સૂઝે, એકલતા આપણા સમસ્ત અસ્તિત્વને ઓગાળી નાખવા આપણને અજગર ભરડો લેતી અનુભવાય ત્યારે કોઈ કથામાં, કોઈના પ્રવચનોમાં જઈને બેસવાથી કે સાત્ત્વિક, સાહિત્યિક પુસ્તકોનું વાચન કરવાથી મનને ઊંડી શાંતિ અને સ્વસ્થતા મળે છે. કારણ કે આપણી મૂંઝવણો સમસ્યાઓનું એમાંથી સમાધાન મળે છે.

સત્સંગ કરવાથી સાંભળવાથી આપણી અંદર એક સતનો ઉદય થાય છે. કારણ સત્સંગ એ પરમ તત્ત્વની વાતોનો સંગ છે. રંગ છે. ઉમંગ છે જે અનંત અને અતૂટ છે

માધવ મલ્હાર
તપન ત્રિવેદી

મહાબલી શ્રી હનુમાન જન્મોત્સવ

તહેવારોના પર્વ માસની ચૈત્રી પૂનમે એટલે કે બે દિવસ પછી બુધવારે હનુમાન જન્મોત્સવની ઉજવણી દેશભરમાં થશે. સામાન્ય રીતે આપણે હનુમાન જયંતી કહીએ છીએ પણ જે હયાત ના હોય તેની તિથિની ઉજવણી માટે 'જયંતી' શબ્દ વપરાય છે. શાસ્ત્રોક્ત વિધાનોનુસાર સાત ચિરંજીવીમાં એક મહાબલી શ્રી હનુમાનજી પણ છે. તેથી પ્રત્યક્ષ હોવા છતાં પરોક્ષ રીતે આપણી આજુબાજુમાં રહેતા હનુમાનજીની જન્મતિથિની ઉજવણી માટે જન્મોત્સવ શબ્દ વધારે ઉચિત છે. વર્ષમાં બે વખત હનુમાન જન્મોત્સવ આવે છે એવું લખીએ તો સ્વાભાવિક જ અનેક સવાલો ઉભા થાય પણ માતા સીતાજીએ હનુમાનને ચિરંજીવી થવાનાં આશીર્વાદ આપ્યા એ દિવસ કારતક માસની કૃષ્ણ પક્ષની ચૌદશ હતી તેથી એ દિવસ પણ જન્મોત્સવ તરીકે ઉજવાય છે. ભગવાન શિવના અંશાવતાર, રુદ્રાવતાર, વાયુપુત્ર, માતા અંજની અને મહાબળવાન વાનરરાજ કેસરીના પુત્ર હનુમાનજીનો જન્મ ચૈત્રી પૂનમના દિવસે થયો હોવાથી આ તિથિ તહેવારની ઉજવણી દેશભરના સનાતનીઓ ખૂબ ધૂમધામથી કરે છે.

એક માન્યતા અનુસાર હનુમાનજી ગઢી મંદિરે દર્શન કર્યા વગર રામલલ્લાના દર્શન સાર્થક નથી ગણાતા. 300 વર્ષ પહેલાં સ્વામી અભયા રામદાસ દ્વારા નિર્માણાધીન આ મંદિરનાં 60 પગથિયાં ચઢીને ભવ્ય દર્શન પ્રાપ્ત કરી શકાય છે

રામભક્ત હનુમાનજી ખૂબ સરળ દેવ છે. પાવરું તેલ એ આંકડાની માળાની પ્રસન્ન રહેતા ઉકેલ મળે છે, જેને પ્રતાપે અને પ્રભાવે કરીને ઉપર કહ્યું તેમ આપણામાં એક અનંત આકાશ ઉઘડે છે. આ અનુભવનો વિષય છે. એ અભિવ્યક્તિથી પર છે.

સત્સંગ આત્માને ઉન્નતિ તરફ દોરી જાય છે. પરમ તત્ત્વમાં પ્રીતિ જગાડે છે. શ્રદ્ધાનો ઉઘાડ કરે છે. આપણું અસ્તિત્વ પ્રભુમય બનવા લાગે છે. પ્રભુ તરફ દોટ મૂકે છે. જ્યારે જીવન અસાર લાગે, આત્મહત્યાના વિચારો આવે ત્યારે સત્સંગ જીવનનું સત્ય, સત્ત્વ અને તત્ત્વ સમજાવે છે. મહાપુરુષોને સાંભળવાથી, કથાઓ સાંભળવાથી આત્મહત્યા નહીં, પણ આત્માની ઉન્નિત કરવાની દિશા સૂઝે છે. સત્સંગનો એક શબ્દ પણ માનવીના જીવનનું આમૂલ પરિવર્તન કરવા શક્તિમાન છે. સત્સંગ આધ્યાત્મિકતા તરફ વળ્યા પછી સંસાર અસાર લાગે છે. આપણા જીવનમાં અવરોધરૂપ બનનાર તરફ સંપૂર્ણ દુર્લક્ષ સેવીએ. એનો ન્યાય પરમાત્માના હાથમાં સોંપી દઈએ. સત્સંગની આ બહુ મોટી ઉપલબ્ધિ છે. વ્યકિતથી માંડી સમષ્ટિના ઉત્થાન માટે સત્સંગ આવશ્યક જ નહીં, અનિવાર્ય છે. આપણને આટલું સમજાય તો સંસારની વિષમતા દૂર થતાં વાર નહીં લાગે એમ મારું માનવું છે.

મહાબલી હનુમાનજી પર સનાતનીઓની ખૂબ મોટી શ્રદ્ધા છે. દેશભરમાં ભાગ્યેજ કોઈ એવું ગામ હશે કે જ્યાં હનુમાનજીનું મંદિર ના હોય. શહેર, ગામ, કસબાઓમાં દરેક પચાસ -સો મીટરે હનુમાનજીનું મંદિર-દેરી અવશ્ય જોવા મળે. વિશાળ પ્રતિમાઓ પણ વધુને વધુ હનુમાનજીની જોવા મળે છે, 50 ફૂટની ઉંચી પ્રતિમાઓની સંખ્યા દેશમાં પચાસથી વધુ છે. શ્રદ્ધાળુઓ અખૂટ શ્રદ્ધા ધરાવતા હોય તેવા મંદિરનાં 60 પગથિયાં ચઢીને ભવ્ય દર્શન પ્રાપ્ત કરી શકાય છે.

પ્રયાગરાજમાં એક સૂતા હોય તેવી મુદ્રામાં પ્રતિમાવાળું મંદિર છે. આ હનુમાનજીની પ્રતિમા 20 ફૂટ લાંબી છે. વર્ષાદી મોસમમાં આ મંદિર જળમગ્ન થઈ જાય છે. તેથી આ પ્રતિમાને સુરક્ષિત સ્થાને ખસેડાય છે અને વાતાવરણ સામાન્ય થઈ જાય ત્યારે મૂળ સ્થાને ફરી પ્રસ્થાપિત કરી દેવાય છે. મંગળવારે, શનિવારે અને તહેવારોમાં દર્શનાર્થીઓની ખૂબ ભીડ અહીં થતી હોય છે.

રાજસ્થાનના ચુરુ જિલ્લામાં સાલાસર ગામ ખાતે સાલાસર બાલાજીનું મૂળ વિખ્યાત મંદિર છે. અહીં બારે મહીના શ્રદ્ધાળુઓની ભીડ રહે છે. દાઢી-મૂંછ વાળી બાલાજીની પ્રતિમાં સુવર્ણ આસન પર પ્રસ્થાપિત છે. ચૈત્ર, વૈશાખ, ભાદરવો અને આસો માસની પૂનમે અહીં મેળો ભરાય છે. સુરત સ્થિત સાલાસર હનુમાનજીના ભક્તો દ્વારા પલસાણા બાજુ પણ સાલાસર હનુમાનજીનું વિશાળ મંદિર નિર્માણ થઈ રહ્યું છે.

જામનગરમાં તળાવ પાસે પૌરાણિક બાલા હનુમાન મંદિર છે. અહી તા. 1-8-1964માં રામધૂનનો પ્રારંભ કરાવાયેલો જે અખંડ રામધૂન સ્વરૂપે આજે પણ 62 વર્ષથી અવિરત ચાલુ છે. 2001ના ધરતીકંપ વખતે આખુ જામનગર ધ્રુજી ગયેલ, પારાવાર નુકશાન પણ થયેલ છતાં બાલાજી પર અખૂટ શ્રદ્ધા ધરાવતાં ભક્તોએ અખંડધૂનને જરા પણ ખંડિત નહોતી થવા દીધી. કોરોના કાળ જેવી કપરી પરિસ્થિતિમાં વિશેષ પરવાનગી સાથે અખંડ ધૂન જાળવી રખાયેલી. રાત-દિવસ ચાલતી ધૂનમાં બેસવા માટે અહીં નામ નોંધાવવા પડતાં હોય છે. ગુજરાતમાં જ ભાવનગર જિલ્લાનાં સાળંગપુર ખાતે કષ્ટભંજન હનુમાનજીની વિખ્યાત હનુમાનજીના મંદિરની સંખ્યા પણ અધિક છે. અત્રે કેટલાંક વિખ્યાત મંદિરોને યાદ કરીએ તો સૌ પ્રથમ તો અયોધ્યાનું હનુમાનગઢી જ અચુક યાદ આવે કારણ કે પોતાનો ઈતિહાસ રામમંદિરે દર્શન કરવા જતાં શ્રદ્ધાળુઓને સૌ પ્રથમ હનુમાનજી ગઢી મંદિરે મહાબલીના દર્શન કરવા અચુક આવવું પડે છે. એક માન્યતા અનુસાર અહી દર્શન કર્યા વગર રામલલ્લાના દર્શન સાર્થક નથી ગણાતા. 300 વર્ષ પહેલાં સ્વામી અભયારામદાસ દ્વારા નિર્માણાધિન આ ખ્યાતિ પણ દૂર દૂર સુધી પ્રસરેલી છે. મંદિર પરિસરમાં હનુમાનજીની એક વિશાળ પ્રતિમાં દર્શનીય છે. કષ્ટભંજનના દર્શને આવનાર શ્રદ્ધાળુઓની ભીડ અહીં બારે મહિના જોવા મળે છે. વિશાળ ધર્મશાળામાં રહેવાની સગવડ ઉત્તમ કક્ષાની છે તો ભોજનશાળામાં નિઃશુલ્ક બંને ટાઈમ પ્રસાદની સગવડ પણ છે. સૌરાષ્ટ્રનાં યાત્રાધામોમાં આ વિશેષતા રહેલી છે કે જ્યાં પણ જાઓ નિઃશુલ્ક ભોજન પ્રસાદની વ્યવસ્થા હોય છે.

ઉત્તરપ્રદેશના વારાણસીમાં ગોસ્વામી તુલસીદાસજીના સમયથી પ્રસ્થાપિત પૌરાણિક સંકટમોચન હનુમાન મંદિર છે. હનુમાન જન્મોત્સવના સમયે ચાર દિવસ રામાયણ સંમેલન મહોત્સવ અને સંગીત સંધ્યાના કાર્યક્રમો આયોજીત થતા હોય છે. તુલસીદાસજીના તપ અને પુણ્યથી સ્વયંભૂ પ્રગટ મંદિરની પ્રતિમાનો અભયદાન આપતો જમણો હાથ અને ડાબો હાથ હૃદય પર સ્થિત છે. કાશી આવતા શ્રદ્ધાળુઓ અહીં પણ દર્શનનો લાભ પ્રાપ્ત કરતાં હોય છે. રાજસ્થાનના દૌસા જિલ્લામાં મેહંદીપુર નામના સ્થળે પહાડોની વચ્ચે ઘાટીમાં એક વિશાળ ચટ્ટાન પર હનુમાનજીની સ્વયં ઉભરી આવેલી આકૃતિના આ વિગ્રહને લોકો ખૂબ ચમત્કારી અને શકિતશાળી માને છે. માન્યતા મુજબ એક હજારથી વધુ વર્ષો પૌરાણિક આ મંદિરમાં ભૂત-પ્રેતની અસરથી દુઃખી લોકોને મુક્તિ મળે છે. મોગલો દ્વારા આ મંદિરને તોડવા અનેક વખત પ્રયાસો થયા હતા. પણ ચમત્કારિક રીતે મંદિરને કોઈ નુકસાન નહોતું થયું.



મહારાષ્ટ્રના પુનાના ગણેશપેઠ વિસ્તારમાં દુલ્યામારૂતિ મંદિર આવેલું છે. પત્થરોમાંથી બનેલ આ મંદિરની ખૂબ પ્રસિદ્ધિ છે. શિવાજી મહારાજના ગુરુ શ્રી સમર્થ રામદાસ સ્વામીએ પાંચ ફૂટ ઉંચી કાળા પત્થરની પ્રતિમાં સ્થાપિત કરી હતી. લગભગ 350 વર્ષ જુના આ મંદિરમાં પીત્તળનો મોટો ઘંટ છે તેના પર સંવત 1700 કોતરાયેલું નજરે પડે છે. લોકો દરેક શુભકાર્યની સફળતા માટે અહીં દર્શને આવે છે. આ મુજબ વિવિધ રાજ્યોમાં વિવિધ સ્થળે અનેક વિખ્યાત હનુમાન મંદિરો આવેલા છે. પણ સ્થળ સંકોચને કારણે સંક્ષિપ્તમાં જાણીએ તો છત્તીસગઢના રતનપુરમાં ગિરજાબંધ હનુમાન મંદિર, મધ્યપ્રદેશના ઈન્દૌરમાં આવેલા ઉલટા હનુમાનજી મંદિર, કર્ણાટકમાં આવેલું હંપી ખાતેનું યંત્રોદ્ધારક હનુમાન મંદિર, નવી દિલ્હીના કોનોટ પ્લેસ ખાતેનું પ્રાચીન હનુમાન મંદિર, પટણા બિહારનું મહાવીર હનુમાન મંદિર, તામિલનાડુના કુંભકોણમ ખાતે આવેલ પંચમુખ આંજનેય હનુમાન મંદિર તેમજ ગુજરાતમાં જ બેટ-દ્વારકા ખાતે આવેલ હનુમાન દંડી મંદિર એમ દરેકનો પોતાનો ઇતિહાસ અને મહત્ત્વતા છે. હનુમાન જન્મોત્સવના અવસરે નજીકના હનુમાન મંદિરે મહાબલીની કૃપા મેળવવા દર્શને જરૂર જજો અને ઘરમંદિરમાં હનુમાનજીની પ્રતિમાની પૂજા-અર્ચના કરી સુંદરપાઠ કે હનુમાન ચાલીસાનું પઠન જરૂર કરજો. પવિત્ર પાવન અવસરે કરેલ પાઠ, પૂજા, અનુષ્ઠાનનું ફળ અવશ્ય મળતું હોય છે.

સંસ્કૃતિ દર્શન
સનત દવે

મુક્તિ: બંધન અને મોક્ષથી

સૂત્ર કહે છે કે સંસાર અને નિર્વાણ બે અલગ-અલગ નથી, તે એક જ છે. સ્વર્ગ અને નરક બે નથી, તે એક જ છે. તેવી જ રીતે બંધન અને મોક્ષ બે નથી તે પણ એક જ છે. આ સમજવું મુશ્કેલ છે કારણ કે આપણે ત્યારે જ કોઈ વસ્તુને સરળતાથી વિચારી શકીએ જ્યારે તે વિરોધી ધ્રુવીયમાં વિભાજિત હોય. આને આપણે આવી રીતે સમજવાનો પ્રયાસ કરીશુ: એવા માણસને જુઓ જે બંધનથી મુક્ત થવાના પ્રયાસમાં તે શું કરી રહ્યો છે? તે પોતાનુ ઘર છોડી દે છે, પરિવાર છોડી દે છે, ધન-દોલત છોડી દે છે. સંસારની વસ્તુઓ છોડી દે છે, સમાજ છોડી દે છે જેથી તે બંધનથી પાર થઈ શકે, સંસારની સાંકળોમાંથી મુક્ત થઈ શકે. પરંતુ ત્યારે તે પોતાના માટે નવી સાંકળો બનાવવાનું શરૂ કરે છે અને આ સાંકળો નકારાત્મક છે, પરોક્ષ છે. તંત્ર કહે છે કે બંધન અને મુક્તિ, સંસાર અને નિર્વાણ, બે અલગ વસ્તુઓ નથી તે સંબંધિત છે તે એક જ વસ્તુની બે અવસ્થાઓ છે તેથી જ તંત્ર અનૂકૂળ છે. તંત્ર કહે છે કે તમારે ફક્ત બંધનથી મુક્ત નથી થવાનું, તમારે મોક્ષથી પણ મુક્ત થવાનુ છે. જ્યાં સુધી તમે બંનેથી મુક્ત ના

થાવ, ત્યાં સુધી તમે મુક્ત નથી. તો સૌપ્રથમ, કોઈ પણ વસ્તુની વિરૂદ્ધ જવાનો પ્રયાસ ન કરશો, જો તમે કામવાસનાથી બ્રહ્મચર્ય તરફ જવાનો પ્રયાસ કરશો, તો તમારું બ્રહ્મચર્ય કામુકતા સિવાય બીજું કંઈ નહીં હોય. લોભથી અલોભમાં જવાનો પ્રયાસ ન કરો, કારણ કે અલોભ પણ એક સૂક્ષ્મ સ્તર પર લોભ જ હશે. તેથી જ જો કોઈ પરંપરા અલોભ શીખવે છે, તો તેમાં પણ તે તમને કોઈ લાલચ આપી રહી છે. તેથી વિપરીત ધ્રુવોનું નિર્માણ ન કરો. બધી વિપરીતતા પરસ્પર એકબીજા સાથે જોડાયેલી છે. તે એક જ વસ્તુના અલગ-અલગ પાસાંઓ છે અને જો તમને આનો બોધ થઈ જાય તો તમે કહેશો કે બન્ને ધ્રુવ એક છે અને જો આ અનુભવ તમારી અંદર ઉડાણમાં ઉતરે તો તમે બંન્નેથી મુક્ત થઈ જશો. ત્યારે તમે સંસાર કે મોક્ષ નથી ઈચ્છતા હકીકતમાં, ત્યારે તમે કંઈ પણ નથી ઈચ્છતા તમે તમારી ઈચ્છાઓ જ છોડી દેશો અને એ છોડી દેવામાં જ તમે મુક્ત થઈ જશો. આ ભાવ જ કે, બધું સમાન છે. ભવિષ્ય સમાપ્ત થઈ જશે. જો કામવાસના અને બ્રહ્મચર્ય એક જ હોય, તો જવાનું ક્યાં છે? જો લોભ અને અલોભ એક જ હોય, હિંસા અને અહિંસા એક જ હોય, તો પછી જવાનુ ક્યાં છે? ક્યાંય પણ જવાનું બાકી ન રહ્યું. બધી ગતિ સમાપ્ત થઈ, કોઈ ભવિષ્ય ન રહ્યું. પછી તમે કોઈપણ ઈચ્છા નથી કરી શકતા, કારણ કે બધી ઈચ્છાઓ એક જ છે તદ્દાવત ફક્ત પરીણામનો હશે. તમે બંધનની ઈચ્છા રાખો છો અને પછી તેનાથી નિરાશ થઈ જાઓ છો અને કંટાળી જાઓ છો અને પછી તમે મોક્ષની ઈચ્છા કરવા લાગો છો. પરંતુ તમે ઈચ્છા કરવાની ચાલુ રાખો છો અને ઈચ્છા બંધન છે જેથી તમે મોક્ષની ઈચ્છા નથી કરી શકતા. ઈચ્છા પોતે જ બંધન છે જેથી તમે મોક્ષની ઈચ્છા નહી કરી શકો. જ્યારે ઈચ્છા વિસર્જીત થાય છે તો તે મોક્ષ છે. ઈચ્છાનું છૂટી જવુ મોક્ષ છે. તેથી જ સૂત્ર કહે છે, 'વાસ્તવમાં બંધન અને મોક્ષ સાપેક્ષ છે. જેથી વિપરીતતાથી ગ્રસ્ત ન થાઓ. આ ફક્ત દુનિયાથી ભયભીત લોકો માટે છે. બંધન અને મોક્ષ આ શબ્દો એમના માટે છે જે સંસારથી ભયભીત છે, આ જગત મનનું પ્રતિબિંબ છે.' આ સંસારમાં તમે જે કાંઈ પણ જુઓ છો તે પ્રતિબિંબ છે, જો એ બંધન જેવુ દેખાય છે તો તેનો અર્થ એવો છે કે તે તમારૂં પ્રતિબિંબ છે. જો આ જગત તમને મુક્તિ જેવુ દેખાય છે તો તે પણ તમારૂ પ્રતિબિંબ છે. જો તમે કામુક છો તો આખો સંસાર તમને કામૂક દેખાશે અને જો તમે ચોર છો તો આખો સંસાર તમને તે જ ધંધામાં સંલગ્ન જણાશે. બુદ્ધને સમગ્ર સંસારમાં નિર્વાણમાં દેખાયો, કૃષ્ણને સમગ્ર જગત નાચતો, ગાતો, આનંદમાં ઉત્સવ મનાવતો દેખાય છે તેઓને ક્યાંક પણ દુખ નથી દેખાતુ. પરંતુ તંત્ર કહે છે કે તમે જે કંઈ પણ જુઓ છો તે ફક્ત એક પ્રતિબિંબ જ છે જ્યાં સુધી બધા દ્રષ્ટિકોણ વિદા થઈ જાય અને શુદ્ધ અરીસો બચી રહે - પ્રતિબિંબ વિનાનો અરીસો, તે જ સત્ય છે. જો કંઈપણ દ્રશ્યમાન હોય તો તે ફક્ત એક પ્રતિબિંબ જ છે. સત્ય એક જ છે અનેક તો પ્રતિબિંબ જ હોય શકે અને જો એકવાર આ સમજાય જાય સૈદ્ધાંતિક રીતે નહીં પરંતુ અસ્તિત્વગત અનુભવ દ્વારા તો તમે મુક્ત છો, બંધન અને મોક્ષ બંનેથી મુક્ત છો.

ઓશો : તંત્ર-સૂત્ર પુસ્તક માંથી સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પૂણે.

ઓશો વાણી

|| कृष्णस्तु भगवान स्वयम् ||

લેખાંક-૫૭

માખણચોર કનૈયો

ગોપીઓ યશોદાજીને તેમની ફરિયાદમાં આગળ કહે છે કે, "વળી તમારો લાલો કોઈ વખત દહીં તથા માખણ ચોરી જાય છે અને પોતાના મિત્રોને વહેંચી દે છે. બધાંનું પેટ ભરાય જાય પછી વધેલાં માખણ -દહીં વાનરોને વહેંચી આપે છે. જો વાનરો ન ખાય તો ગુસ્સાથી અમારા માખણ -દહીં ભરેલાં વાસણો ફોડી નાખે છે."

અહીં વિવેચકો લખે છે કે સામાન્ય જીવનો સ્વભાવ એવો છે કે કોઈએ કરેલા ઉપકારને તે ભૂલી જાય છે અને અપકારને યાદ રાખે છે પરંતુ ભગવાન ઉપકારને કોઈ વખત ભૂલતા નથી. શાસ્ત્રમાં દરેક પાપનાં પ્રાયશ્ચિત્ત બતાવ્યાં છે પરંતુ ઉપકારને જે ભૂલી જાય તેનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી અને આ કર્મનું ફળ તેને મળ્યા વગર રહેતું નથી. વધેલાં માખણ -દહીં વાનરોને વહેંચી આપવાનો જે ઉલ્લેખ છે તેનો અર્થ એ થાય છે કે પ્રભુ પણ જાણે પોતાના અગાઉના અવતારમાં વાનરોએ કરેલા ઉપકારનું સ્મરણ કરે છે. ''રામાવતારમાં આ મારા ભક્તોરૂપી વાનરોએ મારી ખૂબ સેવા કરી હતી. તે વખતે હું તપસ્વી હતો, વનવાસી હતો. આથી તેમને કંઈ આપી શક્યો ન હતો. આજે હું તેમને ખૂબ માખણ ખવડાવી તેમની સેવાનું ઋણ અદા કરીશ.''

ગોપીઓની ફરિયાદ સાંભળી યશોદાજી ગોપીઓને શિખામણ આપતા કહે છે કે, ''અરે સખી! કનૈયો આવે તેવી તમને ખબર તો પડે છે તો તે જ્યારે આવવાનો હોય ત્યારે માખણ તમારા ઘરમાં નહિ રાખો. કોઈ આડોશીપાડોશીને ત્યાં મૂકી આવો. બેચાર વખત તેનો ફેરો ખાલી જશે પછી તે નહિ આવે.''

ત્યારે ગોપીઓ બોલી, ''મા, તમે જે શિખામણ આપો છો તે પણ અમે કરી જોયું પરંતુ તે પણ વ્યર્થ છે. એક ગોપીને કનૈયો રસ્તામાં મળ્યો અને હસીને કહ્યું કે આવતી કાલે હું તારા ઘરે આવીશ. તે ગોપી ગભરાઈને બધું માખણ એના પિયર મૂકી આવી. ઘરમાં કશું બાકી રાખ્યું નહિ. બીજા દિવસે કનૈયો આવ્યો. ઘરમાં માખણ મળ્યું નહિ એટલે કોપાયમાન થઈ પારણામાં સૂતેલા નાના બાળકને ચૂટલી ભરીને કહ્યું, ''તારી મા કંજૂસ છે. ઘરમાં કંઈ રાખતી નથી પણ હું જે ઘરમાં જાઉં છું તે ઘરના લોકોને પ્રસાદ આપીને જાઉં છું. લે આ મારો પ્રસાદ'' એમ કહી બાળકને ચૂટલી ભરીને રડાવ્યો. કોઈ વખત અમે તેના હાથ ન પહોંચે તેમ ઊંચે લટકાવીએ તો બાજઠ, પાટલા અને ખાન્ડળી વગેરે ઉપરાઉપરી ગોઠવી તે લઈ લેવા ઉપાય કરે છે. કોઈ વખત અમે માખણ -દહીં વગેરેનાં વાસણો શીકાઓ પર ઢાંકીને મૂકીએ છીએ તો પણ તેમાં લાકડી વડે નીચેથી કાણું પાડી તે છિદ્રોમાંથી પડતાં ગોરસને ઊંચું મોઢું કરી થોડું પી જાય છે અને બાકીનું ઢોળાવા દે છે.



તારી મા કંજૂસ છે. ઘરમાં કંઈ રાખતી નથી પણ હું જે ઘરમાં જાઉં છું તે ઘરના લોકોને પ્રસાદ આપીને જાઉં છું. લે આ મારો પ્રસાદ

યશોદાજી હવે બીજું સૂચન કરે છે કે માખણની જેમ તમારા છોકરાઓને પણ પિયર મૂકી આવો તો? ત્યારે એક ગોપી બોલી, ''મા, મેં આમ પણ કર્યું હતું પરંતુ લાલો ઘરમાં આવ્યો અને કશું નહિ મળ્યું ત્યારે એના મિત્રોને કહેવા માંડ્યો કે આ ઘરમાં મારા માટે કશું રાખ્યું નથી માટે આ ઘર મારા માટે સ્મશાનરૂપ છે.''

ગોપીઓ વધુમાં કહે છે કે "કોઈ વખત અંધારા ઓરડામાં અમે માખણ -દહીં ભરેલાં વાસણો મૂકીએ તો શરીર પર પહેરેલા મણિના સમૂહોનું તેજ, તેમને તે વસ્તુઓ બતાવનારા થાય છે. તેઓ આખો દિવસ માખણ -દહીં ચોરવાની તરકીબ જ શોધતા હોય છે. જયારે અમે તેને ચોર કહીએ છીએ ત્યારે 'તું ચોર છે, હું તો ઘરનો માલિક છું' તેમ સામો જવાબ આપે છે. વળી ઘરમાં જ્યાં વાળીઝૂડીને, લીંપણ કરીને સ્વચ્છ કર્યું હોય ત્યાં અને દૂધનાં ધોયેલાં વાસણોમાં મૂત્ર વગેરે કરી ઉપદ્રવ કરે છે. આવાં ઘણાં નિર્લજ્જ કર્મો કરે છે અને ચોરીના ઉપાયો વડે પોતાનું કામ કરી જાય છે છતાં પણ તેમનું મુખ તો નિહાળો, અહીં તમારી પાસે જાણે ઘણો જ શાણો અને ડાહ્યો હોય તેમ બેઠો છે."

વ્રજની સ્ત્રીઓ ભયયુક્ત નેત્રની શોભાવાળા બાળકૃષ્ણના મુખ સામે જોતી યશોદાને બધું કહેતી, ખૂબ ફરિયાદ કરતી ત્યારે યશોદાજીનું મુખ આનંદથી હસી પડતું, તેઓ બાળકૃષ્ણના અત્યંત ભોળપણવાળા અને ભયથી ડરી ગયેલા ચહેરાને જોઈને આનંદ પામતા અને આથી બાળકૃષ્ણને ઠપકો નહોતા આપતા. હકીકતમાં શ્રીકૃષ્ણ ઈશ્વર છે પરંતુ હમણાં યશોદાના બાળક થયા છે. આ માયાનો જ એક પ્રકાર છે અને આ જ માયાના આવરણ હેઠળ દબાયેલા યશોદાજી ગોપીઓને કહેતા કે, ''તારા ઘરે કનૈયો આવે અને તોફાન કરે તો તેને ધમકાવજે. વૃદ્ધાવસ્થામાં મને દીકરો થયો છે. તે મારો પ્રાણપ્યારો છે. હું તેને કેવી રીતે ધમકાવું? મારા લાલાને તું ધમકાવે તો હું તને ઠપકો આપીશ નહિ.''

ત્યારે ગોપીઓએ કહ્યું કે, ''મા, લાલાને અમે શું ધમકાવીએ? તે તો અમને સામેથી ધમકાવે છે. માખણ ચોરી કરવા આવે અને તેને પકડવા જઈએ તો નાસી જાય અને દૂરથી અંગૂઠો બતાવી અમારો હુરિયો બોલાવે છે.'' (ક્રમશઃ)

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ